# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-09-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## હાથશાળ-હસ્તકલા ક્ષેત્રના કારીગરોને એવોર્ડ જાહેર

ગુજરાત સરકારની કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ હેઠળ વર્ષ ૨૦૨૫ માટે હાથશાળ-હસ્તકલા ક્ષેત્રના કારીગરોને એવોર્ડ જાહેર કરાયા છે. રાજ્ય કક્ષાએ ૧૧ અને ઝોનવાઈઝ ૪ કારીગરોની પસંદગી કરવામાં આવી છે. તેમાં કચ્છના કારીગરોએ વિશેષ સ્થાન મેળવ્યું છે.

રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવેલા કારીગરો પૈકી ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે હાથવણાટ ક્રાફ્ટ માટે કચ્છના સુનીલ દિનેશ મંગરિયાને પ્રથમ પારિતોષિક, જ્યારે મહિલા કેટેગરીમાં મશરૂ વણાટ માટે પુજા શંકર ધોરીયાની પસંદગી થઈ છે. ભરતકામ ક્ષેત્રે કચ્છના પ્રિયા મંગલ સંજોટને કચ્છી એમ્બ્રોઇડરી માટે દ્વિતીય પારિતોષિક મળશે. મોતીકામ સહિતની કેટેગરીમાં મડમીરર વર્ક માટે પુજા નવીનભાઈ ચૌહાણને પ્રથમ પારિતોષિક અપાશે.

યુવા કારીગર કેટેગરીમાં લુડીયા વુડ કાર્વિંગ માટે વિજય જેમલ મારવાડા, જ્યારે લુપ્ત થતી કલા કેટેગરીમાં કચ્છી ટાંગલીયા શાલ માટે જીતેન્દ્ર મગનભાઈ ઘેયડાની પસંદગી થઈ છે. ઉપરાંત કચ્છ-સૌરાષ્ટ્ર ઝોનમાં રોગાન આર્ટના ‘ટ્રી ઓફ લાઇફ’ માટે અબ્દુલહમીદ આરબ ખત્રીને પ્રથમ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે તેમ ઉદ્યોગ અને ખાણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

**-----------------------------------------------------------------------------------------**

# પોષણ ટાસ્ક ફોર્સ અને એક્ઝિક્યુટિવ કમિટીની

કચ્છ જિલ્લામાં આરોગ્ય અને પોષણની કામગીરી વધુ સઘન બનાવવા અને છેવાડાના માનવી સુધી સરકારી સેવાઓ સમયસર પહોંચાડવા માટે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ખાતે પોષણ ટાસ્ક ફોર્સ અને એક્ઝિક્યુટિવ કમિટીની મહત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. બેઠકમાં કુપોષણ મુક્ત ગુજરાત મહાઅભિયાન, સગર્ભા મહિલાઓની સમયસર નોંધણી, સંસ્થાકીય પ્રસૂતિ, રસીકરણ અને બાળ આરોગ્યની વિવિધ સેવાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

ડીડીઓએ ગંભીર કુપોષિત બાળકોની સમયસર ઓળખ કરી તેમને યોગ્ય સારવાર કેન્દ્ર સુધી પહોંચાડવા તેમજ ટીબી, મલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગો સામે નિયમિત સર્વેલન્સ હાથ ધરવા ખાસ તાકીદ કરી હતી. સાથે જ, નમોશ્રી અને PMMVY જેવી કલ્યાણકારી યોજનાઓના લાભ પાત્ર લાભાર્થીઓને સમયસર મળે તે સુનિશ્ચિત કરવા તથા આરોગ્ય વિભાગ સહિત મહિલા અને બાળ વિકાસ, શિક્ષણ અને અન્ન પુરવઠા જેવા વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને કામ કરવા સૂચના આપી હતી.

-----------------------------------------------------------------------------------------

## ગૌરાંગ વ્યાસનું નિધન

ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ કલાકાર ગૌરાંગ વ્યાસનું 87 વર્ષની વયે અમદાવાદમાં ગત મોડી રાત્રે અવસાન થયું. તેમણે પોતાની અનોખી અને પ્રયોગશીલ સંગીત શૈલીથી ગુજરાતી સંગીત જગતને સમૃદ્ધ બનાવ્યું. 100થી વધુ ફિલ્મો અને 500 જેટલી રચનાઓને તેમણે આશા ભોંસલે, કિશોર કુમાર  સહિતના ગાયકો પાસે યાદગાર ગીતો ગવડાવ્યાં હતાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સ્વર્ગીય ગૌરાંગ વ્યાસને શ્રદ્ધાંજલિ આપી.

---------------------------------------------------------------------------------

## ભુજમાં સાતમ –આઠમ મેળાનો પ્રારંભ

અલ નીનોના. આજે શીતળા સાતમનાં પર્વ સાથે ભુજમાં પરંપરાગત રીતે યોજાતા લોક મેળાનો પ્રારંભ થયો છે. સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શિતલભાઇ શાહની ઉપસ્થિતિમાં આ મેળાને ખુલ્લો મુકાયો હતો. આવતીકાલથી જન્માષ્ટમીની રજા અને શનિવાર તથા રવિવારનો સંયોગ મળી આવતા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. હમીરસરને કિનારે યોજાતા મેળામાં વિવિધ ખાણીપીણી, મનરોંજન, રમકડા સહિતના સ્ટોલ ગોઠવાયા છે કેટલીક સામાજિક સંસ્થાઓ એ સ્ટોલ ઊભા કર્યા છે.

આજે શીતળા સાતમ નિમિતે ભુજ, માંડવી અને અન્ય સ્થળોએ શીતળા માતાના સ્થાનકે ભાવિકોની ભીડ જામી હતી.

---------------------------------------------------------------------------------

## ભૂકંપ આંચકો

કચ્છમાં આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. સવારે પોણા 11 વાગ્યે આવેલા આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ દુધઈથી 24 કિલોમીટર દૂર નોંધાયું. જ્યારે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ત્રણ માપવામાં આવી હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

---------------------------------------------------------------------------------------

## મરીન કમાન્ડો દ્વારા વિશેષ ચેકિંગ અને પેટ્રોલિંગ ડ્રાઈવ

કચ્છના સંવેદનશીલ દરિયાઈ સરહદી વિસ્તારમાં સુરક્ષા વધુ સઘન બનાવવા માટે મરીન કમાન્ડો દ્વારા વિશેષ ચેકિંગ અને પેટ્રોલિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. ડીવાયએસપી આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં જખૌ બંદરથી મોહાડી, નિમલી વાંઢ અને કોશા સુધીના દરિયાકાંઠાના પટ્ટે કમાન્ડોએ કડક તપાસ હાથ ધરી હતી. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રાઈવ દરમિયાન માછીમારો સાથે સંવાદ કરી દરિયામાં કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ જણાય તો તુરંત સુરક્ષા એજન્સીઓને જાણ કરવા અપીલ કરાઈ હતી

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી સ્થાનિક રજા

કચ્છ યુનિવર્સિટી દ્વારા જન્માષ્ટમીના તહેવારને ધ્યાનમાં રાખીને તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૨૬, શનિવારના રોજ એક દિવસીય સ્થાનિક રજા જાહેર કરવામાં આવી છે. આ રજાના પગલે યુનિવર્સિટીમાં શૈક્ષણિક અને વહીવટી કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે. વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ ઉત્સાહપૂર્વક તહેવાર ઉજવી શકે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. જો કે, અગાઉથી નિર્ધારિત પરીક્ષાઓ કે અન્ય અત્યંત આવશ્યક કામગીરી બાબતે સંબંધિત વિભાગના અધ્યક્ષો પોતાના સ્તરે યોગ્ય નિર્ણય લઈ શકશે તેવું યુનિવર્સિટીની યાદીમાં જણાવાયું છે.

---

# ગુજરાત ભાડા વિધેયક 2026

ગુજરાત વિધાનસભાના આગામી નવ તારીખથી યોજાનારા સત્રમાં ગુજરાત ભાડા વિધેયક 2026 રજૂ કરાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, રાજ્યમાં આ નવા કાયદા મુજબ, લેખિતમાં ભાડા કરાર સિવાય કોઈ પણ જગ્યા ભાડે આપી શકાશે નહીં. આ સાથે જ કાયદામાં મકાનમાલિક અને ભાડુઆતની જવાબદારીઓ પણ નક્કી કરાશે. નાયબ કલેક્ટર અથવા નાયબ મ્યુનિસિપલ કમિશનરથી ઉપરની કક્ષાના અધિકારીને ભાડા અધિકારી તરીકે નિયુક્ત કરાશે. જોકે, સરકારી મિલકતો અને ધાર્મિક ટ્રસ્ટને આ કાયદામાંથી મુક્તિ અપાશે.

---------------------------------------------------------------------------------------